તાપમાન
મહત્તમ : ૪૫.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૧૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૬ | ૬ જૂન, ૨૦૧૬, સોમવાર ; જેઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આંધ્રમાં બે હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવા પ્રભુની ખાતરી

વિજયવાડા,તા. ૫

આંધ્રપ્રદેશમાંથી રાજ્યસભા માટે ચુંટાઈ આવ્યાના એક દિવસ બાદ રેલવે મંત્રી સુરેશ પ્રભુએ આજે કહ્યું હતું કે, તેઓ રાજ્ય માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરી રહ્યા છે. પ્રફુએ રાજ્યમાં બે હાઈસ્પીડ ટ્રેન શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. આંધ્રપ્રદેશના આગામી પાટનગર અમરાવતીને એક બુલેટ ટ્રેન સહિત કેટલીક રાહતોની જાહેરાતો કરવામાં આવી છે. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુને રાજ્યસભાની ચૂંટણી જીતી જવા બદલ આભાર માનતા સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, બેંગ્લોર અને અમરાવતી વચ્ચે નવી હાઈસ્પીડ એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવશે.

## સેંસક્સ ૨૭૦૦૦ની સપાટી કુદાવે તેવી પ્રબળ સંભાવના

નવી દિલ્હી,તા. ૫

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમાં સ્થિતી શુ રહેશે તેને લઈને ચર્ચા ચાલી રહી છે પરંતુ મોટા ભાગના નિષ્ણાંતો માની રહ્યા છે કે નવા સેશનમાં શેરબજારમાં તેજી રહી શકે છે. પાંચ મુખ્ય ઘટનાક્રમની સીધી અસર દલાલ સ્ટ્રીટ પર રહેશે. જેમાં આરબીઆઈની પોલીસી સમીક્ષા, મોનસુનની એન્ટ્રી, પીએસયુ બેંકોની બેઠક, શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર એપ્રિલ માટેના આઈઆઈપી આંકડા પર તમામની નજર રહેશે.

# ભારત-કતાર વચ્ચે સાત સમજૂતિ કરાર

### મોદીનું દોહામાં પરંપરાગતગતરીતે સ્વાગત : ટ્યુરિઝમ, હેલ્થકેર, ફાયનાન્સ અને રોકાણ જેવા અનેક મુદ્દે વાતચીત : ભારતમાં રોકાણ કરવા માટે અપીલ



દોહા,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચ દેશોના પ્રવાસના બીજા તબક્કામાં આજે કતાર પહોંચ્યા હતા. મોદીએ દોહામાં કતારના બિઝનેસ લીડરો સાથે વાતચીત કરી હતી. સાથે સાથે ભારતીય સમુદાયને સંબોધન પણ કર્યુ હતું જેમાં મોદીએ પોતાની વિવિધ યોજનાઓની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, સવા સો કરોડ ભારતીયોના વિશ્વાસના લીધે પરિવર્તનની લહેર થઈ છે. વિશ્વમાં ભારતનું નામ હવે રોશન થઈ રહ્યું છે. વિદેશમાં હોવા છતાં તેમને હવે વિદેશ જેવો અનુભવ થઈ રહ્યો નથી. વૈશ્વિક મંદી છતાં પણ ભારત વિકાસના માર્ગ ઉપર અતિ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભ્રષ્ટાચાર ઉપર પણ અંકુશ મુકવામાં આવી ચુક્યો છે. વડાપ્રધાને અગાઉ કતારના અમીર શેખ તામીમ બિન હમાદ અલ ધાની સાથે વાતચીત કરી હતી. બંને દેશોના અધિકારીઓ દ્વારા કેટલીક સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

# ગુલબર્ગ હત્યાકાંડના દોષિતોને સજાની આજે જાહેરાત

### અમદાવાદની ખાસ અદાલતના ચુકાદા ઉપર દેશભરની નજર : અમદાવાદ કોર્ટ સંકુલની આસપાસ સઘન સલામતીઃ ૨૪ અપરાધીઓ અંગે સજાની જાહેરાત કરાશે : બીજી જૂનના દિવસે આરોપીઓ દોષિત જાહેર થયા

અમદાવાદ,તા. ૫

વર્ષ ૨૦૦૨ના સનસનાટીપૂર્ણ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં અમદાવાદની ખાસ અદાલત આવતીકાલે આરોપીઓને સજા અંગેની જાહેરાત કરનાર છે. હત્યાકાંડમાં રહેલા આરોપીઓ પૈકીના ૨૪ને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા જ્યારે ૩૬ને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. હવે આવતીકાલે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ખાસ અદાલત તમામ આરોપીઓને સજા અંગેની જાહેરાત કરશે. તમામ અપરાધીઓ પૈકી ૧૧ને હત્યાના મામલામાં અપરાધી ઠેરવવામાં આવ્યા છે. જેથી એમ માનવામાં આવે છે કે, સજા કઠોર પણ હોઈ શકે છે. તમામની નજર હવે કોને કેટલી સજા ગુલબર્ગ હત્યાકાંડ મામલામાં થાય છે તેના ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. આ હત્યાકાંડ અંગેના ચુકાદા ઉપર દેશભરની નજર કેન્દ્રિત થઈ છે. રાજકીય વર્તુળોમાં પણ આને લઈને રાજ જોવાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, બીજી જૂનના દિવસે અમદાવાદની ખાસ અદાલતે મામલામાં લાંબા ગાળા બાદ ચુકાદો આપતા ૬૬ આરોપીઓ પૈકી ૨૪ને અપરાધી ઠેરવ્યા હતા અને ૩૬ને નિર્દોષ છોડી મુક્યા હતા. જે આરોપીઓને અપરાધી જાહેર કરવામાં આવ્યા છે તેમાં વિહિપના નેતા અતુલ વૈધ્યનો સમાવેશ થાય છે. આરોપીઓને ટેકો આપવા માટે આવતીકાલે પણ કોર્ટ સંકુલમાં વિહિપના કાર્યકરો, પરિવારના સભ્યો પહોંચે તેવી શક્યતા છે જેથી કોર્ટ સંકુલની આસપાસ સુરક્ષા વધારવામાં આવી છે. ચકચારી આ કેસમાં ટ્રાયલ સાત વર્ષ સુધી ચાલી હતી. સઘન સુરક્ષા વચ્ચે ખાસ જજ પીબી દેસાઈ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫માં ખાસ અદાલતે ટ્રાયલ પૂર્ણ કરી હતી. આ હત્યાકાંડમાં અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૯ લોકોના મોત થયા હતા જેમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરીનો સમાવેશ થાય છે. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ સર્જાયો હતો. ગોધરા રેલવે સ્ટેશન ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને આગ ચાંપી દેવાની ઘટનાના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ થયો હતો જેમાં ૬૬ આરોપીઓ હતા. ૩૦૦થી પણ વધુ સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં આવી હતી. ૨૦૦૯માં ટ્રાયલની શરૂઆત થઈ હતી.

# દક્ષિણ-પશ્ચિમ મોનસુન બે ત્રણ દિવસમાં બેસશે

### પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આંધ્રપ્રદેશ સહિત દેશના અનેક ભાગમાં મોનસુન પૂર્વે વરસાદી ઝાપટા : માહોલ સાનુકુળ



થિરુવનંતપુરમ, તા. ૫

ભારતીય હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, દક્ષિણ પશ્ચિમ મોનસુન કેરળમાં આગામી બે ત્રણ દિવસમાં બેસી જાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આજે બપોરે આ અંગેની જાહેરાત અખબારી યાદી મારફતે આઈએમડી દ્વારા કરવામાં આવી હતી. આઈએમડીએ ધ્યાન દોર્યુ છે કે, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, દરિયા કાંઠાના આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ અને આસામ, મેઘાલય અને કેરળના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થયો છે. છેલ્લા થોડાક દિવસથી કેરળમાં પણ વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, લક્ષ્યદ્વીપ, કેરળ, મેંગ્લોરમાં સ્થિત ૧૪ હવામાન સ્ટેશનના ડેટા એકત્રિત કરી લેવામાં આવ્યા છે. પરિસ્થિતિ દર્શાવે છે કે, સતત બે દિવસના ગાળા દરમિયાન મોનસુની વરસાદ પહેલાનો વરસાદ થયો છે. કેરળમાં મોનસુન બેસી જવાની શરૂઆત હવે થઈ રહી છે.

કેસર કેરી માટે
અગત્યની જાહેરાત
પવિત્ર રમજાન માસ શરૂ થતો હોવાથી અમારી દુકાન સાંજના ૭-૦૦ કલાકે બંધ થશે.
અમારી દુકાનનો છેલ્લો દિવસ તા. ૧૨/૬/૨૦૧૬ રવિવાર સુધી ચાલુ રહેશે.
સોમવાર તા. ૧૩/૬/૨૦૧૬થી દુકાન બંધ થશે.
સહકાર બદલ આભાર
રહીમ ચાચા
પૂજા પાર્લરની બાજુમાં, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

# લૂંટ પ્રકરણે ત્રણ કરોડના સામાન સાથે છની ધરપકડ

### જુદી જુદી ટીમો બનાવી જુદા જુદા વિસ્તારોમાંથી ઇસમોની ધરપકડ : ગણતરીના કલાકોમાં ઉલ્લેખનીય સફળતા મળી : બાવળા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ જુદી જુદી તપાસ ટીમો સતત સક્રિય થઇ હતી

અમદાવાદ,તા.૫

બાવળા-બગોદરા હાઈવે ઉપર પાંચ કરોડથી વધુની ચકચારી આંગડિયા લૂંટના ગુનાનો ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલીને સાડા ત્રણ કરોડના મુદ્દામાલ સાથે છ ઈસમોને ઝડપી પાડવામાં અમદાવાદ ગ્રામ્ય એલસીબીને સફળતા હાથ લાગી છે. ૩૦થી ૪૦ વર્ષની વયના અજાણ્યા પાંચ ઈસમો પૈકી પોલીસના ડ્રેસવાળા ઈસમે લાકડી બતાવી આઈશર ગાડી ઉભી રખાવી હતી અને ત્યારબાદ કારની પાસે લઈ જઈને ડ્રાઈવરને માર મારવામાં આવ્યો હતો. ડ્રાઈવરને તમાચો માર્યા બાદ સાથેના ગનમેનની બે બંદૂક આંચકી લેવામાં આવી હતી. તેમને માર મારીને આઈશર ગાડીમાંથી ઉતારીને સ્વિફ્ટ ગાડીમાં બેસાડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ ભાયલા ગામની સિમમાં લઈ જઈને આઈશર ગાડીમાંથી અલગ અલગ આંગડિયા પેઢીના અંદાજે પાંચ કરોડથી વધુની કિંમતના સોના ચાંદીના દાગીના, ટુકડા અનએ અન્ય કિંમતી ચીજવસ્તુઓના પાર્સલની લૂંચ કરવામાં આવી હતી. ૨૭ નંગ પાર્સલ લૂંટીને આ શખ્સો ફરાર થઈ ગય ાહતા.



આ ચકચારી મામલામાં બાવળા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને તપાસ હાથ ધરાઈ હતી. ત્યારબાદ જુદી જુદી ટીમો બનાવીને વ્યૂહાત્મક જગ્યાએ નાકાબંધી કરી રુટ પરના સીસીટીવી કેમેરાના ફુટેજ, ડોગ સ્કવોડ, એફએસએલ અને ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ મારફતે તપાસ હાથ ધરવામાં આવી હતી. બે ટીમોને ઉત્તર ગુજરાત, એસઓજીની બે ટીમોને દક્ષિણ ગુજરાત તથા મિસિંગસેલને ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી હતી. એલસીબીએ ટીમ મોબાઈલ ટેકનોલોજી આધારે વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદ રેંજ દ્વારા વિકસાવવામાં આવેલા સોફ્ટવેરનો ઉપયોગ કરી ગુનામાં સંડોવાયેલા સક્રિય આરોપી કાનાભાઈને સાબરકાંઠાના તલોદ તાલુકાના

● અનુસંધાન પાન-૭ પર










